## <u>તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને આર્થિક સહાય આપવા બાબત</u>

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૦૯/ ન.બા.૯થી૧૪ /છ.૧
સચિવાલય,ગાંધીનગર
તારીખ.૧૩/૮/૨૦૦૯

વંચાણે લીધાઃ-

(૧)ઠરાવ ક્રઃઅપગ/૧૦૨૦૦૯/૨૧૬ /છ.૧ તા.૩૧.૭.૨૦૦૯

(૨)પરિપત્ર ક્રઃઅપગ/૧૦૨૦૦૯/૨૧૬(૧)છ.૧ તા.૩૧.૭.૨૦૦૯

**<u>ઠરાવ :-</u>**

રાજયમાં વિકલાંગ વ્યકિતઓના સમાજમાં પુનઃવસવાટ માટે અને સ્વમાનભેર સ્વતંત્ર જીવન જીવવા માટે સમાન તક, માનવ અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી પ્રાપ્ત કરવા માટે વિકલાંગ વ્યકિત (સમાન તક, હક રક્ષણ અને સંપૂર્ણ સહયોગ)અધિનિયમ-૧૯૯૫ અમલમાં છે. આ અધિનિયમમાં રાજય સરકાર દ્વારા વિકલાંગો માટે સુનિશ્ચિત કરેલ કાર્યો પૈકી એક મુખ્ય કાર્ય વિકલાંગોને આર્થિક સહાય કરવાનું છે. આ બાબતને ધ્યાને લઈ વિકલાંગોના કલ્યાણ માટે તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યકિતઓ માટે નાણાંકીય સહાયની રાજય સરકારની સંત સુરદાસ યોજના અમલમાં હતી. જે અંતર્ગત પાત્રતા ધરાવતા ૦ થી ૪૫ વર્ષ સુધીની વયના વિકલાંગ લાભાર્થીઓને રાજય સરકાર તરફથી માસિક સહાય ચૂકવવામાં આવતી હતી.

ભારત સરકાર દ્વારા તા. ૧૨.૨.૨૦૦૯થી <u>ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય વિકલાંગ પેન્શન યોજના</u> અમલમાં મુકેલ છે, અને આ યોજના પ્રમાણે **<u>૧૮ થી ૬૪ વર્ષની વય જુથના ૮૦ ટકાથી</u>** વધુ વિકલાંગતા ધરાવતા, ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદીમાં નામ ધરાવતા વિકલાંગોને ભારત સરકાર તરફથી રુા.૨૦૦/- માસિક સહાય આપવાનું ઠરાવેલ છે.

રાજય સરકાર દ્વારા રાજયના જરુરીયાત મંદ વધુ વિકલાંગોને લાભ આપી શકાય તથા પાત્રતામાં એકસૂત્રતા આવે તે હેતુથી રાજય સરકારની સંત સુરદાસ યોજના તથા ભારત સરકારની ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય વિકલાંગ પેન્શન યોજનાને સંકલિત કરી, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય વિકલાંગ પેન્શન યોજના અને સંત સુરદાસ યોજના તરીકે સ્વીકારવાનુ આ વિભાગના તા.૩૧.૭.૨૦૦૯ના ઠરાવ ક્રઃઅપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ.૧ અને પરિપત્ર ક્રઃઅપગ/૧૦૨૦૦૯/૨૧૬(૧)છ.૧થી અમલી બનાવવામાં આવેલ છે.

<u>આ યોજનાનો લાભ નીચે દર્શાવ્યા પ્રમાણેના વિકલાંગોને આપવામાં આવશે.</u>

(૧) હાલ આ યોજના હેઠળ લાભાર્થીની વયમર્યાદા ૦ થી ૪૫ વર્ષની છે. તેમાં સુધારો કરીને ૬૪ વર્ષ સુધી કરવાનુ સુચવવામાં આવે છે. અને તે મુજબ ૦ થી ૬૪ વર્ષ સુધીની ૮૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતી વ્યકિત આ યોજના હેઠળ લાભ મેળવવા પાત્ર થશે.

(૨) ૦થી ૧૭ વર્ષ સુધીની વય જુથની ૮૦થી વધુ વિકલાંગતા ધરાવતા વ્યકિતને ૨૦૦/-રુા.ની માસિક સહાય આપવામાં આવશે.

(૩) હાલ ૧૮ થી ૪૫ વર્ષની વય જુથની વ્યકિતને ૪૦૦/–માસિક સહાય આપવામાં આવે છે. તેની જગ્યાએ ૧૮થી ૬૪ વર્ષની વય જુથની ૮૦ ટકા વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને રુા.૨૦૦/–ની માસિક સહાય રાજય સરકાર તરફથી અને રુા.૨૦૦/–ની માસિક સહાય કેન્દ્ર સરકાર તરફથી **" ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય વિકલાંગ પેન્શન યોજના "** હેઠળ ચુકવવામાં આવશે. આમ બંને યોજનાઓ હેઠળ રુા.૨૦૦/ + રુા ૨૦૦/ = કુલ રુા.૪૦૦/–ની માસિક સહાય ચાલુ રહેશે.

આથી પ્રસ્તુત યોજના હેઠળ તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યકિતઓના લાભાર્થીઓ માટેની નીચે મુજબની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

| અ.નં | યોજનાનુ નામ | બજેટ સદર | જોગવાઈ રુા. |
|---|---|---|---|
| ૧ | તીવ્ર વિકલાંગ વ્યકિતઓ માટે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય પેન્શન યોજના ન.બા.૧૧ **(જનરલ કેટેગરી)** | માંગણી નં.૯૨ (પ્લાન)–સામાજિક સુરક્ષા અને કલ્યાણ–૦૨–સમાજ કલ્યાણ–૧૦૧ –વિકલાંગોનું કલ્યાણ–૧૦–એસસીડબલ્યુ –૧૩–તીવ્ર અશકત વ્યકિતઓને નાણાકિય સહાય. | ૫,૨૨,૪૯,૭૦૦ |
| ૨ | તીવ્ર વિકલાંગ વ્યકિતઓ માટે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય પેન્શન યોજના ન.બા.૧૦ **(અનુ.જનજાતિ)** | માંગણી નં.૯૬ (પ્લાન)–સામાજિક સુરક્ષા અને કલ્યાણ–૦૨–સમાજ કલ્યાણ–૭૯૬ –ટ્રાયબલ એરીયા સબ પ્લાન–૧૫–એસસીડબલ્યુ–૧૩–તીવ્ર અશકત વ્યકિતઓને નાણાકીય સહાય. | ૮૦,૧૮,૭૦૦ |
| ૩ | તીવ્ર વિકલાંગ વ્યકિતઓ માટે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય પેન્શન યોજના ન.બા.૧૨ **(અનુ.જાતિ)** | માંગણી નં.૯૫ (પ્લાન)–સામાજિક સુરક્ષા અને કલ્યાણ–૦૨–સમાજ કલ્યાણ–૧૦૧– વિકલાંગોનું કલ્યાણ–૦૩–એસસીડબલ્યુ –૧૩–તીવ્ર અશકત વ્યકિતઓને નાણાકીય સહાય. | ૮૦,૬૧,૫૦૦ |
| | | **નોન પ્લાન** | |
| ૧ | તીવ્ર વિકલાંગ વ્યકિતઓ માટે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય પેન્શન યોજના ન.બા.૧૪ **(જનરલ કેટેગરી)** | માંગણી નં.૯૨ (નોન પ્લાન)–સામાજિક સુરક્ષા અને કલ્યાણ–૦૨–સમાજ કલ્યાણ–૧૦૧–વિકલાંગોનું કલ્યાણ–૧૦– એસસીડબલ્યુ–૧૩–તીવ્ર અશકત વ્યકિતઓને નાણાકિય સહાય. | ૫,૨૨,૪૯,૭૦૦ |
| ૨ | તીવ્ર વિકલાંગ વ્યકિતઓ માટે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય પેન્શન યોજના ન.બા.૧૩ **(અનુ.જનજાતિ)** | માંગણી નં.૯૬ (નોન પ્લાન)–સામાજિક સુરક્ષા અને કલ્યાણ–૦૨–સમાજ કલ્યાણ–૭૯૬ –ટ્રાયબલ એરીયા સબ પ્લાન–૧૫–એસસીડબલ્યુ–૧૩–તીવ્ર અશકત વ્યકિતઓને નાણાકીય સહાય. | ૮૦,૧૮,૭૦૦ |
| ૩ | તીવ્ર વિકલાંગ વ્યકિતઓ માટે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય પેન્શન યોજના ન.બા.૯ **(અનુ.જાતિ)** | માંગણી નં.૯૫ (નોન પ્લાન)–સામાજિક સુરક્ષા અને કલ્યાણ–૦૨–સમાજ કલ્યાણ–૧૦૧ –વિકલાંગોનું કલ્યાણ–૦૩– એસસીડબલ્યુ–૧૩–તીવ્ર અશકત વ્યકિતઓને નાણાકીય સહાય. | ૮૦,૬૧,૫૦૦ |

ઉપરોકત બાબતની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી, પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોએ ઉકત જોગવાઈને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ યોજનાના તા.૩૧.૭.૨૦૦૯ના ઠરાવની શરતો મુજબ અમલ કરવાનો રહેશે.
(૨) આ યોજનાનો અમલ તા. ૧-૮-૨૦૦૯થી કરવાનો રહેશે.
(૩) ચાલુ વર્ષની જોગવાઈમાંથી બચત રહેતી રકમ નિયત સમયમર્યાદામાં પરત કરી આ વિભાગને જાણ કરવાની રહેશે.
(૪) આ હેતુ માટેની ચાલુ વર્ષની અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
(૫) આ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા જે સહાય મળનાર છે તે સમયસર યુટીલાઈઝેશન સર્ટીફીકેટ રજુ કરી પરત મેળવાય તેની તકેદારી લેવાની રહેશે.
(૬) આ યોજના અંતર્ગત ફકત બીપીએલ હેઠળના ગુજરાતમાં વસતા વિકલાંગ વ્યકિતઓને લાભ મળવાપાત્ર થશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૧૨-૮-૨૦૦૯ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જયદિપ દ્રિવેદી)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
માન.મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
અગ્રસચિવશ્રી, નાણાવિભાગ, સચિવાલય,ગાંધીનગર
સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
કમિશ્નરશ્રી,વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી, નાણા વિભાગ (સા.ન્યાય)સચિવાલય, ગાંધીનગર
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
સર્વે અધિકારીશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
સર્વે શાખાઓ,સામાજિક ન્યાય અને અધિ.વિભાગ,સચિવાલય,ગાંધીનગર
વિભાગની છ અને બજેટ શાખા,
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.